# <u>કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે "મિલેટની પૌષ્ટિક પાકોની જાતો, મહત્વ, તેનું મૂલ્યવર્ધન અને સ્વાદિષ્ટ વાનગીઓ" વિષે તાલીમ કાર્યક્રમ યોજાયો</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે તા.૨૬-૧૦-૨૦૨૩ ના રોજ **મિલેટની પૌષ્ટિક પાકોની જાતો, મહત્વ, તેનું મૂલ્યવર્ધન અને સ્વાદિષ્ટ વાનગીઓ"** વિષય પર આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરીયા સાહેબ અને કેન્દ્રના વડા ડૉ. આર.જી. મછાર સાહેબના માર્ગદર્શન હેઠળ એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. કૃષિ સંશોધન કેન્દ્રના યુનિટ વડા, ડૉ. આર. જી. મછાર દ્વારા તૃણ (હલકા) ધાન્ય પાકો જેવા કે બાવટો, વરી, કોદરા, કાંગ, બંટી, કુરી, ચીણા અને મકાઈ જેવા પાકોની વૈજ્ઞાનિક ઢબે ખેતી પદ્ધતિ તેમજ માનવ આહારમાં તેનું મહત્વ વિશે માહિતી આપી. ડૉ. વિકાસ પાલિ મ.સં.વૈ દ્વારા કોદરા પાકની નવિન જાતો વિશે સંપૂણ માહિતી આપેલ. કે.વી.કે, દાહોદના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એચ. એલ. કાચા દ્વારા હલકા ધાન્ય પાકોની પ્રાકૃતિક ખેતી વિષે વિસ્તૃતમાં જાણકારી આપેલ. કૃષિ સંશોધન કેન્દ્રના ડૉ. એસ.એ.ચૌહાણ - આર.એ., એ. એ. શેખ-આર.એ.એ અનુક્રમે મિલેટની પૌષ્ટિક પાકોની નવી સંશોધીત જાતો અને સ્વાસ્થ્ય સંબંધિત ફાયદા, સ્વાદિષ્ટ વાનગીઓ અને મિલેટ પાકોની રોગ –જીવાત અને મૂલ્યવર્ધન" વિષે વિસ્તૃતમાં માહિતી આપેલ.

વધુમાં દાહોદ જિલ્લાના ફતેપુરા અને ઝાલોદ તાલુકામાંથી આવેલ ૪૦ ખેડૂતભાઇઓને "મિલેટ વાટીકા"નું જીવંત નમૂનાઓનું નિદર્શન તથા નિંદણ-રોગ-જીવાત નિયંત્રણના હેતુથી સ્પ્રેયર પંપનું વિતરણ પણ કરવામાં આવેલ છે.




